# બનાસકાંઠા જિલ્લામાં બીજા તબક્કાના કોવિડ રસીકરણનો પ્રારંભ થયો

## કલેક્ટર આનંદ પટેલ, પોલીસ અધિક્ષક સહિત વહીવટીતંત્રના અધિકારીઓ, કર્મચારીઓ અને પોલીસ જવાનોએ કોરોના રસી મુકાવી

પાલનપુર, તા. ૩૧

સમગ્ર દેશમાં પ્રથમ તબક્કામાં કોવિડ રસીકરણનો રાષ્ટ્રવ્યાપી શુભારંભ થયા બાદ પટેલ સહિત મહેસૂલના કર્મચારીઓ અને પોલીસ જવાનોએ કોરોના રસી મુકાવી હતી. કોરોનાની વૈશ્વિક



આજે બીજા તબક્કામાં બનાસકાંઠા કલેકટરશ્રી આનંદ પટેલ, પોલીસ અધિક્ષક તરૂણ દુગ્ગલ, પ્રાંત અધિકારી એસ. ડી. ગિલવા, નાયબ પોલીસ અધિક્ષક આર. કે. મહામારીમાં છેલ્લા દશ મહિનાથી રાત-દિવસ લોકોની સેવામાં ખડેપગે રહેનાર ફ્રન્ટલાઈન કોરોના વોરીયર્સ એવા ડૉક્ટર, સ્ટાફ નર્સ અને સફાઈકર્મીઓ બાદ આજે મહેસૂલ અને પોલીસ જવાનોને તંત્રની ગાઈડલાઈન પ્રમાણે કોરોનાની રસી આપવામાં આવી હતી.

બનાસકાંઠા કલેકટર આનંદ પટેલે જણાવ્યું કે કોરોના વોરીયર્સ એવા ડૉકટર, નર્સ, મેડીકલ અને પેરા મેડીકલ સ્ટાફ બાદ આજે બીજા તબક્કામાં મહેસૂલના કર્મચારીઓ અને રાત-દિવસ પ્રજાની સેવામાં ખડેપગે ફરજ બજાવતાં પોલીસ જવાનોને કોવિડ-૧૯ ની વેક્શિન આપવામાં આવી રહી છે ત્યારે મેં પણ કોરોનાની રસી લીધી છે. આ રસી લેવા તમામ નાગરિકોને તેમણે અનુરોધ કર્યો હતો. પ્રાંત કચેરી પાલનપુર ખાતે ફરજ બજાવતા નીતિનભાઈ ડાહ્યાભાઈ ચૌહાણે જણાવ્યું કે, કોવિડ-૧૯ની રસી લેવાથી કોઈ આડઅસર થતી નથી અને આ રસી સંપૂર્ણ સુરક્ષીત છે ત્યારે તમામને આ રસી લેવા અપીલ કરું છું. પાલનપુર પ્રાંત કચેરીના નાયબ મામલતદાર શ્રીમતી અવનીબેન




શૈલેષભાઈ મોઢે જણાવ્યું કે, મેં આજે કોરોનાની વેક્શિન લીધી છે. આ રસીની કોઈપણ પ્રકારની આડઅસર થતી છે. સરકારશ્રીએ આટલો મોટો રસીકરણનો પ્રોગ્રામ શરૂ કર્યો છે ત્યારે આપણે સૌએ આ રસી લેવી જોઈએ તેમ તેમણે જણાવ્યું હતું. આ પ્રસંગે પાલનપુર પ્રાંત અધિકારી એસ.ડી.ગિલવા, મામલતદાર કમલ ચૌધરી સહિત મહેસૂલના કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતાં.

# મોડાસામાં અભિવાદન સમારોહ યોજાયો

મોડાસા, તા. ૩૧

મોડાસા અને અરવલ્લી જિલ્લાની સહકારી સંસ્થાઓ ના ચૂંટાયેલા પ્રતિનિધિઓને સન્માનવાનો કાર્યક્રમ મોડાસા કેળવણી મંડળ ના શ્રીમતી ચંદ્રીકાબેન કે શાહ હોલમાં યોજવામાં આવ્યો હતો આ કાર્યક્રમમાં સમારંભ અધ્યક્ષ શ્રી ઈસ્માઈલભાઈ દાદુ મુખ્ય, મહેમાન તરીકે કટલરી કરિયાણા મંડળીના ચેરમેનશ્રી પંકજભાઈ બુટાલા અને એસોસિએશનના પ્રમુખ રજાકભાઈ મેમન તથા સન્માનીત મહાનુભાવો માં ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિના ચેરમેન રાજેન્દ્ર પટેલ, વાઈસ ચેરમેન નરેન્દ્ર ભાઈ શાહ, સાબરકાંઠા બેંકના મેનેજિંગ ડિરેકટર પંકજ ભાઈ પટેલ, અરવલ્લી જિલ્લા સહકારી



કટલરી કરિયાણા મર્ચન્ટ એસોસિએશન અને કટલરી કરિયાણા મર્ચન્ટ સહકારી શરાફી મંડળી લિ મોડાસાના સંયુક્ત ઉપક્રમે અભિવાદન કાર્યક્રમ

સંઘના અધ્યક્ષ પ્રભુદાસ પટેલ, મોડાસા નાગરિક સહકારી બેંક ના ચેરમેન શ્રી પરેશભાઈ ગાંધી, સર્વોદય સહકારી બેંકના ચેરમેનશ્રી ઈબ્રાહિમભાઈ બાકરોલવાળા, માજી ચેરમેન ઈકબાલભાઈ ઈપ્રોલીયા,જિલ્લા સહકારી સંઘના ડિરેકટર વિનોદભાઈ કે શાહ, સર્વોદય સહકારી બેંકના ડિરેકટર અબ્દુલ કાદરભાઈ ખાલક તથા એપીએમસીના ડિરેકટરો શામળભાઈ પટેલ, રતિલાલ પટેલ, પિયુષભાઈ પટેલ, મહેશભાઈ પટેલ, જેઠાભાઈ પટેલ, વિમલભાઈ પટેલ, ભગાભાઈ પટેલ, રાકેશભાઈ પટેલ, મુકેશભાઈ શાહ, મોહમ્મદ યુનુસ દધાલીયા વાળા તથા એપીએમસીના સેક્રેટરી ભુપેન્દ્રભાઈ ભટ્ટને અભિવાદન કરવાનો કાર્યક્રમ યોજાયો હતો જેમાં શ્રી પંકજભાઈ પટેલ, પ્રભુદાસભાઈ પટેલ અને જેઠાભાઈ પટેલે સન્માનનો પ્રત્યુત્તર ખુબ સુંદર રીતે આપ્યો હતો. કાર્યક્રમની શરૂઆતમાં ચેરમેન શ્રી પંકજભાઈ બુટાલા એ સ્વાગત પ્રવચન અને મહેમાનો નો પરિચય આપ્યો હતો. જ્યારે એસોસિએશન અને મંડળી વિશેની માહિતી મેનેજિંગ ડિરેક્ટર રમણભાઈ પ્રજાપતિએ આપી હતી. શ્રી ઈસ્માઈલભાઈએ અધ્યક્ષ સ્થાનેથી પ્રવચન આપ્યું હતું . સમારંભની આભાર વિધિ મંત્રી શ્રી મુકુંદ એસ શાહે કરી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ભાવિનભાઈ ભાવસારે કર્યું હતું. સમગ્ર કાર્યક્રમની જવાબદારી મેનેજર શ્રી નરેશભાઈ શાહ ક્લાર્ક શ્રી દિલીપભાઈ પ્રજાપતિ અને હસમુખભાઈ પ્રજાપતિએ ઉપાડી હતી.

## શારીરિક શિક્ષણ વિભાગ સાદરાની રાષ્ટ્રીય સેવા યોજના એકમ દ્વારા પોલિયો ડ્રોપ અભિયાનમાં મદદ

ગાંધીનગર, તા. ૩૧

ગૂજરાત વિદ્યાપીઠ સંચાલિત શારીરિક શિક્ષણ વિભાગ સાદરાની રાષ્ટ્રીય સેવા યોજના એકમ દ્વારા વિવિધ સમાજના જન જાગૃત્તિ અભિયાનોમાં ભાગ લઈ સમાજમાં અને લોકોમાં જાગરૂકતાની ચેતના જગાડવામાં સક્રિય અને




પોલિયો ડ્રોપ અભિયાનમાં પણ મદદ કરવામાં આવી રહી છે ગાંધીજી સ્થાપિત ગૂજરાત વિદ્યાપીઠના શારીરિક શિક્ષણ વિભાગની રાષ્ટ્રીય સેવા યોજના એકમના સ્વયં સેવકોએ હરહમેશ સંવેદનશીલ ભૂમિકા નિભાવી રહયા છે આ જ સંકલ્પ સાથે ભારતમાંથી પોલિયોને નાબૂદ કરવાના આભિયાનમા સાદરાના વોલંટિયર પોતાની સેવાઓ પ્રાથમિક સ્વાસ્થય કેન્દ્રને આપી રહયા છે વિશેષમાં વોલંટિયર શ્રી જીનાલી મોતાં આ પોલિયો ડ્રોપ અભિયાનમાં પોતાની સેવા આપી રહી છે સંસ્થા આ પણ જણાવતાં આનંદની અનુભૂતિ અને ગૌરવ અનુભવ કરે છે કે આ કોરોના મહામારીના સમય દરમ્યાન તેમની પસંદગી વેસ્ટ જોન કક્ષાએ પ્રિ આર ડી પરેડ માટે પણ થઈ હતી અને શ્રી જીનાલી મોતાં આ વેસ્ટ જોન કક્ષાની પ્રી. આર. ડી. પરેડમાં પણ સરસ દેખાવ કરી આવી છે જે આંધ્રપ્રદેશ રાજયના હૈદરાબાદ શહરમાં યોજવામાં આવી હતી તેમની આ સિદ્ધિ માટે શારીરિક શિક્ષણ વિભાગની રાષ્ટ્રીય સેવા યોજના એકમ ગૌરવ અનુભવ કરે છે સંસ્થાના ડીનશ્રી પ્રો. જગદીશચંદ્ર સાવલિયા અને રાષ્ટ્રીય સેવા યોજના એકમના પ્રોગ્રામ ઓફિસરે તેમણે ખૂબ ખૂબ અભિનંદન આપ્યું છે

# ગણપત યુનિવર્સિટીના આંગણે પ્રજાસત્તાક દિનની વિશેષ ઉજવણી

ગણપત વિદ્યાનગર, તા. ૩૧

એક વિદ્યાર્થી એક વૃક્ષના પ્રમાણમાં રાજ્યની એક અગ્રણી વિદ્યા-સંસ્થા ગણપત યુનિવર્સિટીએ પૂરા ૧૧૦૦૦ વૃક્ષો વાવીને તેનો પ્રથમ લક્ષ્યાંક પૂરો કર્યો હોવાનું ગણપત યુનિવર્સિટીના પ્રો. ચાન્સેલર અને ડાયરેક્ટર જનરલ પ્રો. ડૉ. મહેન્દ્ર શર્માએ ગઈ ૨૬મી જાન્યુઆરીના રોજ પ્રજાસત્તાક દિનની ઉજવણી અવસરે જાહેર કર્યુ હતુ. ૩૬૦૦ સ્કે. મિટરના વિસ્તારમાં આ વૃક્ષો ઉગાડવામાં આવ્યા છે.

ગણપત યુનિવર્સિટીના દાતા-અધિષ્ઠાતા અને પ્રેસિડેન્ટ પદ્મશ્રી ગણપતભાઈ પટેલના એક સંકલ્પના ભાગરૂપે યુનિવર્સિટીના હરિયાળા અને વિશાળ પ્રાંગણમાં વિકસી રહેલા ''માઈક્રો-ફોરેસ્ટ''ના એક ભાગરૂપે આ વક્ષો ઉગાડવામાં આવ્યા છે. ગઈ ૧૫મી ઓગષ્ટથી પ્રારંભાયેલા આ વૃક્ષારોપણ અભિયાનમાં કોરોનાકાળ દરમિયાન વિદ્યાર્થીદીઠ એક એવા ૧૧૦૦૦ વૃક્ષોનું વાવેતર ૨૬મી જાન્યુઆરીના રોજ પુરૂ કરવામાં આવ્યું છે. ૩૦૦ એકર જેવા વિશાળ યુનિ. પરિસરમાં ૩૫ થી ૪૦ હજાર જેટલા વૃક્ષોને અનુલક્ષીને અગાઉ આ યુનિ.ને ''પ્રિયદર્શિની એવોર્ડ'' પણ મળી ચૂક્યો છે. જે હરિયાળા શૈક્ષણિક સંકુલને અપાતો રાષ્ટ્રીયકક્ષાનો એક પ્રતિષ્ઠાભર્યો એવોર્ડ છે.

પદ્મશ્રી ગણપતભાઈના સ્વપ્ન સમા આ સંકલ્પને અનુસરીને અને પ્રો. ચાન્સેલર પ્રો. ડૉ. મહેન્દ્ર શર્માના માર્ગદર્શન હેઠળ વિકસી રહેલા આ ''માઈક્રો-ફોરેસ્ટ'' પ્રોજેક્ટમાં ૨૬મી જાન્યુઆરીના પ્રજાસત્તાક દિનની ઉજવણીના એક ભાગરૂપે વધુ ૧૨૦૦ જેટલાં વૃક્ષો યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ, આચાર્યો અને પ્રાધ્યાપકોના હસ્તે રોપવામાં આવ્યા હતા.

આગામી દિવસોમાં ''માઈક્રો-ફોરેસ્ટ''ના એક વિશેષ વિભાગ રૂપે વિવિધ ઔષધીઓના છોડ-વૃક્ષો પણ ઉગાડવામાં આવશે. જેના માટે જામનગરની આયુર્વેદ યુનિવર્સિટીનું માર્ગદર્શન પણ લેવામાં આવશે.

ગણપત યુનિવર્સિટીના આંગણે ધ્વજવંદન સાથે ઉજવાયેલા પ્રજાસત્તાક દિને સંસ્થાની મરીન એન્જિનિયરિંગ ડિપાર્ટમેન્ટના વિદ્યાર્થીઓ વિશેષ સલામી આપી ધ્વજવંદનાને વિશેષ રીતે સાર્થક બનાવી હતી.

# મોડાસા સબ જેલના જેલ સુપ્રીટેન્ડેન્ડને ભવ્ય વિદાય




મોડાસા, તા. ૩૧

જેલરનું નામ પડતાની સાથે શોલે ફિલ્મનું દ્રશ્ય હમ અંગ્રેજ જમાને કે જેલર હૈનું દ્રશ્ય તાજું થઈ જતું હોય છે અરવલ્લી જીલ્લાના મુકખ્યમથક મોડાસા શહેરના માલપુર રોડ પર આવેલી સબજેલના જેલ સુપ્રીટેન્ડેન્ડ ડી.જે વણકર વયનિવૃત્ત થતા સબજેલ સ્ટાફ અને જેલમાં સજા ભોગવી રહેલા કેદીઓએ ભવ્ય વિદાય આપી હતી

**સબજેલના સ્ટાફે ખભે બેસાડી આપી વિદાય,સ્ટાફ અને કેદી થયા ભાવુક**

મોડાસા જેલ સુપ્રીટેન્ડેન્ડ તરીકે ફરજ દરમિયાન સ્ટાફમાં અને કેદીઓમાં ભારે લોકચાહના પ્રાપ્ત કરનાર જેલર ડી.જે વણકરને સ્ટાફે ખભે બેસાડી અનોખી રીતે વિદાય આપી હતી અને વિદાય સમારંભમાં જેલ સુપ્રીટેન્ડેન્ડ,સ્ટાફ અને કેદીઓ સાથેના સ્મરણ તાજા કર્યા હતા સ્ટાફ અને કેદીઓને બધા સુખી થાવ અને નિરોગી રહો તેવી શુભેચ્છા આપી હતી

અરવલ્લી જિલ્લાના મુખ્ય મથક મોડાસા ખાતે સબ જેલના જેલ સુપ્રિન્ટેન્ડેન્ડ ડી.જે વણકરની ફજર માં વય મર્યાદા પૂર્ણ થતાં સબ જેલ મોડાસા ખાતે તેમનો વિદાય સમારંભ યોજવામાં આવ્યો હતો,આ પ્રસંગે જેલના ઈન્ચાર્જ સુપ્રિન્ટેન્ડેન્ડ જી.જે ચાવડા, સુહાના બેન સહિતના કર્મચારીઓ અને જેલમાં સજા કાપી રહેલા કેદીઓ વિદાય સમારંભ માં જોડાઈ પુષ્પકુંજ અને મૂમેન્ટો આપી વિદાય આપી હતી, ૧૯૮૬ માં જેલ સિપાઈમાં ભરતી થયા બાદ ઘણા ઉતાર ચઢાવ સામે ઝઝૂમી જેલ અધિક્ષક સુધી ફરજ બજાવી ફરજની અંતિમ સફર પૂર્ણ થતાં આ પ્રસંગે પરિવારજનો, સગા સબંધી,મિત્રોએ ઉપસ્થીત રહી હર્ષની લાગણી સાથે શુભેચ્છાઓ પાઠવી હતી.



**ખેડબ્રહ્મામાં પોલિયો રસીકરણ**

ખેડબ્રહ્મા તાલુકામાં રવિવારના રોજ પોલિયો રસીકારણ યોજાયો હતો. જેમાં ખેડબ્રહ્મા તાલુકામાં નેશનલ ઈમ્યુનાઈઝેશન ડે પલ્સ પોલિયો અંરગત ૧૦૭ બૂથ પર ૨૨ સુપરવાઈઝર અને ૪૨૮ કરકરો ધ્વારા ૦ થી ૫ વર્ષ સુધીના ૨૦૩૭૩ બાળકોને રસી આપવામાં આવી હતી. જે બાળકો બાકી છે તેમને ઘરે ફરીને ત્રણ દિવસ સુધી સતત કાર્યક્રમ ચાલુ રખાશે.

# સાદરા ગામે પ્રભાતફેરી દ્વારા ગાંધીનિર્વાણ દિવસ ઉજવાયો



ચિલોડા, તા. ૩૧

સાદરા ગામમાં આવેલ ગાંધીબાપુ સ્થાપિત ગ્રામસેવા સંકુલના બી.એ., એમ.એ. વિભાગ તથા શારીરિક શિક્ષણ અને રમત વિજ્ઞાન વિદ્યાશાખા તથા સાદરાગામના નવયુવાનો ના સંયુક્ત ઉપક્રમે સવારે પ્રભાતફેરી કાઢી ગાંધી નિર્વાણ દિવસની ઉજવણી કરવામાં આવી. ઉઠોવ્રજના વાલા ઉઠો વ્રજનાથ, રઘુપતી રાઘવ રાજારામ, કોઈથી અમે ડરીએ ના, જાગજો જાગજો નવીન પ્રભાત જાગજો જેવા અનેક પ્રભાતિયાના બુલંદ ગાન દ્વારા ગ્રામજનોને મહાત્મા ગાંધીના જીવન કાર્યોને યાદ અપાવી પ્રભાતફેરી કાઢી. જગદીશ પરીખ, વસંતી પરમાર, સ્મિતા ગામીતએ ગીતગાન કર્યું. જયંતિ વાઘેલા, ગોવિંદ વાઘેલા, પ્રદીપ રાઓલ, સુરેશ રાવળે, ઢોલક, ખંજરી, મંજરીના તાલે પ્રભાતિયાં-ગીતો-ધૂનના સૂરને સૂર પુરાવી પ્રભાતફેરી દ્વારા ગ્રામજનોને ભાવ વિભોર બનાવ્યાં હતાં. સંકુલના સંયોજક શ્રી રમેશભાઈ પટેલ અને ડિન ડૉ. જગદીશભાઈ સા વલિયાના નેતૃત્વ હેઠળ પ્રભાતફેરીનો કાર્યક્રમ સફળ બન્યો.



**ખેડબ્રહ્મામા ફ્રન્ટલાઈન કોરના વોર્યસને રસી**

ખેડબ્રહ્મા જનરલ હોસ્પિટલ ખાતે રવિવારના રોજ કોરોના સામે લડનારા ફ્રન્ટ લાઈન કોરોના વોરિયર્સને રસી આપવમાં આવી હતી જેમાં ખેડબ્રહ્મા પ્રાંત, મામલતદાર, નગરપાલિકા, પોલીસ અને હોમગાર્ડના ૧૫૭ વોરિયર્સને રસી આપવમાં આવી હતી

### પલ્સ પોલીયો ડે અંતર્ગત

## બનાસકાંઠામાં ૫ લાખ જેટલાં બાળકોને પોલીયો રસી પીવડાવવાના મહાઅભિયાનનો પ્રારંભ



પાલનપુર, તા. ૩૧

તા. ૩૧મી જાન્યુઆરી-૨૦૨૧, પોલીયો રવિવાર અંતર્ગત બનાસકાંઠા જિલ્લાના ૨૪૪૬ બુથો અને ૬૪ ટ્રાન્જીસ્ટ બુથો ઉપર ૦ થી ૫ વર્ષના બોળકોને રસી પીવડાવવાના મહાઅભિયાનનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. મુખ્ય જિલ્લા આરોગ્ય ઓધિકારીશ્રીના માર્ગદર્શન હેઠળ ૦ થી ૫ વર્ષના ૪,૮૭,૫૬૬ બાળકોને રસી પીવડાવવા બાબતે સમગ્ર જિલ્લામાં બુથો બનાવી કામગીરી હાથ ધરવામાં આવી છે. આ કાર્યક્રમ દરમ્યાન કુલ ૬,૬૨,૨૪૨ ઘરોની બીજા અને ત્રીજા દિવસે આરોગ્ય કર્મચારી તથા સ્વયંમ સેવકો દ્વારા ઘરોની મુલાકાત કરી બાકી રહી ગયેલા બાળકોને રસી પીવડાવવામાં આવશે. આ ઉપરાંત બસ સ્ટેશન સહિતના સ્થળોએ આરોગ્ય કર્મચારીની ટીમો ઉપસ્થિત રહી બાળકોને રસી પીવડાવી રહ્યા હતાં.